



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૨૭, 'ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું'નું નિરૂપણ
૨૨ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસનાધામ, વેમાર

**ભગવાનનાં** અમૃત વચનોમાં આજે ત્રીજું વચનામૃત ! વિશેષતા એ છે કે, ત્રણેય સમયે સ્વામિનારાયણ ભગવાને 'અખંડ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અખંડ – ખંડિત થતું નથી, સતત ચાલુ રહે છે. જેને આપણે ઉપાસનાના શબ્દોના માધ્યમથી કહીએ છીએ – સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ પ્રભુ હંમેશાં આ પૃથ્વી ઉપર વિચરતા હોય છે. ગુણાતીતાનંદ સ્વામીએ એમની 'વાતું'માં કહ્યું કે, કાં રાજા રૂપે, કાં સાધુ રૂપે – આપણે આપણા ગુરુહરિને રાજા રૂપે જોઈએ અને એમના દીક્ષિત જે સંતો છે તેમને સાધુ સ્વરૂપે માનીએ તો ભગવાન અને સંત... ભગવાન અને સંત ને તોય આપણા સર્વની ઉપાસ્ય મૂર્તિ એવા ભગવાન શ્રી સહજાનંદજી મહારાજ તો પરના પર છે.

ભગવાન જેવો કોઈ થયો નથી અને ભગવાન થઈ શકાતું નથી. અને કોઈને પરાણે ભગવાન ઠેરવીએ તો એ લાંબો સમય સુધી ટકતો નથી. એટલે ગઈકાલે આપણે એક શિખામણ માથે ચઢાવી કે, ભગવાન છે એમ નહીં; પણ, એ ભગવાનના છે. ગુરુહરિ સાહેબજી મહારાજના જીવનને બહુ નજીદીકથી જોઈએ તો તેઓ કોઈનાયે નથી, અને તે છતાંય બધાયના છે, છતાંય તેઓ માત્ર ને માત્ર કેવળ એક ભગવાનના જ છે.

ભગવાનના થવાની, ગુરુના થવાની આપણે સૌ સાધના કરી રહ્યા છીએ ત્યારે ગુરુને વિશે પ્રભુ અખંડ નિવાસ કરીને રહ્યા છે એવા શાસ્ત્રવચનનું આ 'વચનામૃત' છે – ગઢડા પ્રથમનું સત્યાવીશ. આ વચનામૃતમાં મહારાજ કહે છે કે, આવા જે સાધુ છે એમાં અમે અખંડ નિવાસ કરીને રહ્યા છીએ. આપણી સતત પ્રાર્થના છે, ભગવાનની મૂર્તિમાં ભગવાન હાજરાહજૂર છે તેવું મનાય.

આ ગઢડા પ્રથમનું ૨૭મું વચનામૃત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ જેઠા ભગત – નિર્ગુણદાસ સ્વામીને સમજાવેલું. નિર્ગુણદાસ સ્વામી – જેઠા ભગત સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી, પણ બ્રહ્મસ્વરૂપ સાધુ યજ્ઞપુરુષદાસજી–શાસ્ત્રીજી મહારાજે ગઢડા પ્રથમ–૨૭ના વચનામૃતનો આધાર લઈને તેઓને અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો સનાતન સિદ્ધાંત સમજાવ્યો અને 'એવા સાધુમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે' તે મુદ્દો સમજાવ્યો.

ગઈ કાલે આપણે 'મુદ્દાની' વાત સમજ્યા. આજે હવે એ જ, પણ બીજી રીતે મુદ્દાની વાત ગઢડા પ્રથમ ૨૭ના વચનામૃતમાં શ્રીહરિ સમજાવી રહ્યા છે, 'ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું'.

સ્વામિનારાયણ હરે... **સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ દિવસ ઊગ્યા પહેલાં શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા...**

આજનો દિવસ પણ વિશિષ્ટ છે. ભગવાન આજે દિવસ ઊગ્યા પહેલાં – વહેલા ઊઠી ગયા છે. અને 'પરમહંસની જાયગા'માં – જ્યાં સંતો રહેતા હતા ત્યાં સામેથી ગયા છે. એટલે કંઈક વિશેષ અગત્યની–મહત્ત્વની બાબત છે. નહીંતર તો મહારાજ લીમડા હેઠળ બેઠા હોય અને સંતો–ભક્તોની સભા ભરાઈને બેઠી હોય એવું વર્ણન આવે છે. વળી, આ વચનામૃતમાં મહારાજ કૃપાવચન – પોતે સામેથી એમને જે વાત કહેવી છે એનું મંડાણ કરે છે. કારણ કે, તેઓ પોતે પણ એવું સમજાવવા માંગતા હશે કે, મારા આ જે ગુણાતીત સાધુ છે, એ અમારે રહેવાનું ધામ છે અને અમે એમાં અખંડ નિવાસ કરીને રહ્યા છીએ. એમ

સાધુઓની જમાતમાં બીજા સાધુઓને પણ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાય એ હેતુથી જાણે કે વહેલી સવારે ઊઠીને સાધુની જગ્યામાં જઈને આ બહુ મહત્ત્વની ને અગત્યની વાર્તા સ્વામિનારાયણ ભગવાન કરુણા કરીને કૃપાવાક્ય સ્વરૂપે કહે છે.

**પછી શ્રીજીમહારાજ અર્ધ ઘડી સુધી તો પોતાની નાસિકાના અગ્ર સામું જોઈ રહ્યા.**

ધ્યાન ધરવાની રીત શિખવાડી છે. બે આંખની વચ્ચે નાસિકાના અગ્ર ભાગે ભગવાનની મૂર્તિને શ્વાસોચ્છ્વાસે ધારવાની. જેમના સંકલ્પથી, જેમની ઇચ્છાથી, જેમની કૃપાને પરિણામે આ શ્વાસ ચાલી રહ્યા છે, જીવન ટકી રહ્યું છે એવા હે પ્રભુ ! હું તમને ધારવાનો, ધારણ કરવાનો અને તમારી ઇચ્છા, રુચિ ને આજ્ઞા પ્રમાણે જીવવાનો સંકલ્પ કરું છું ; એ ધ્યાન રાખીને જીવવાનો સંકલ્પ કર્યો કહેવાય ! ધ્યાન લાગ્યું છે - પોતાની નાસિકાના અગ્ર સામું જોઈ રહ્યા ને ઘડીક વિચારી રહ્યા કે, આ બહુ મુદ્દાની, મહત્ત્વની વાત છે તે કહું કે ના કહું ? એ સાંભળવા માટે બધાની તત્પરતા છે કે નહીં ? તત્પરતા હોય તોય જાગ્રતતાથી આ શબ્દરૂપી અમૃતને ઝીલશે કે નહીં ? આપણે કંઈ મહારાજના મનમાં શું ચાલતું હતું એ જાણી શકતા નથી, વાંચી શકતા નથી. પણ આ આપણે આપણી રીતનું અર્થઘટન કરીએ કે, જ્યારે કંઈક ભારેખમ ને મહત્ત્વની ને મોંઘી વાત કહેવી હોય તો બહુ સમજી-વિચારીને કહેવી પડે. અહીંયાં સ્વામિનારાયણ ભગવાન પણ બહુ મહત્ત્વની વાત કહે છે અને આપણને સૌને આવરી લે છે.

પરમહંસની જાયગામાં જઈને વાત કરી છે એટલે તો જેમણે ભગવાનને માટે મુંડાવ્યું છે એમને સમજવાનું તો બહુ જ અગત્યનું છે. પણ એમનું મિષ લઈને પણ બીજા ભક્તો, અનુયાયીઓ, સત્સંગીઓ પણ સમજે એટલે સંતોએ આનું સંકલન કરીને એને પ્રથમના ૨૭મા ક્રમે મૂક્યું છે.

અર્ધ ઘડી સુધી એટલે ? એક ઘડી એટલે ૨૪ મિનિટ અને અર્ધ ઘડી એટલે ૧૨ મિનિટ સુધી - કેટલું બધું એમણે અંતરમાં વિચાર્યું છે ! આ એટલી બધી મહત્ત્વની વાત છે કે, આવીને બેઠા ને તરત કહેવાનું ચાલુ કરી દીધું એવું નથી. આ શબ્દોને ધારવા માટે બધા પણ એકીટશે મહારાજની સામે જોઈ રહ્યા છે. અને મહારાજ ધ્યાનમાં નાસિકાના અગ્ર ભાગ સામે જોઈને, બ્રહ્મરંધ્રમાં પ્રાણને સંકેલીને આપણાં સૌનાં હિતને માટે હવે વાણી વદે છે. એમના શ્રીમુખેથી વહેલી એ પરાવાણી છે, જે અમૃત સમાન છે.

યોગીબાપાએ ત્રણ પ્રકારની વાણીનો ભેદ પાડ્યો છે : પરા, પશ્યંતી અને વૈખરી. આપણે વ્યવહારમાં જે વાણી વાપરીએ છીએ તે વૈખરી વાણી છે. એમાં 'અલ્યા', 'તલ્યા' પણ કરાય. એનાથી બોલનારને પણ ઉચાટ થાય છે અને સાંભળનારને પણ ઉચાટ થાય છે. મધ્યમ વાણી છે જે વિવેકપૂર્ણ ઉચ્ચારાય છે અને જેમાં ગુણગ્રાહક દૃષ્ટિ અને મહિમાની વાત છે એ છે પશ્યંતી. જે જુએ છે તે કહે છે, ગુણ જુએ છે તો ગુણની વાત કરે છે અને ક્યારેક દોષ જુએ છે તો દોષની વાત પણ કરે છે. કેટલાક લોકો એમ કહે કે, 'અમે તો ભાઈ, જે સાચું હોય ને એટલું જ કહીએ.' એ સાચું કેટલું ? તો એમની નજર પહોંચી એટલું. એટલે એને પશ્યંતી કહેવાય. એનાથી ઉપરની વાણી છે એ છે પરાવાણી - નાદબ્રહ્મ ! ભગવાનનો શબ્દ એ નાદબ્રહ્મ, બ્રહ્મની વાણી છે, ભગવાનની વાણી છે અને તે અમૃત સમાન છે. શ્રદ્ધાએ સહિત, પ્રીતિએ યુક્ત જો એ પીવામાં આવે તો મરેલો માણસ પણ બેઠો થઈ જાય, એટલે એ અમૃત સમાન છે. જીવનનો રસ, ઉમંગ અને આનંદ પ્રાપ્ત કરાવે એવી ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણી વચન રૂપી અમૃત-વચનામૃત છે !

એવું જ યોગીબાપાનાં પ્રવચનોનું એક પુસ્તક અમે પ્રવચનો સાંભળી સાંભળી, લખી લખીને પ્રસિદ્ધ કર્યું, ત્યારે શાંતિદાદાએ એ પુસ્તકનું નામ આપ્યું 'પરાવાણી'. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના શ્રીમુખેથી વહેલી વાણી છે એ પરાવાણી છે. યોગીબાપાની વાણીમાં જે રણકો હતો, અત્યારે આપણે ગુરુહરિ સાહેબદાદાની વાણીમાં એ રણકો સાંભળીએ છીએ. કાકાશ્રીની વાણીમાં જે રણકો હતો, પોતાના ગુરુ માટેનો જે બ્રહ્મભાવ હતો, એ જેમણે તેઓને સાંભળ્યા હોય એમને ખબર પડે કે, તેઓની વાણીમાં કેવો કેફ હતો ! એ જે કેફ હતો એ ભગવદ્ પ્રાપ્તિનો કેફ હતો, ભગવદ્ અનુભૂતિનો કેફ હતો.

સ્વામિનારાયણ ભગવાન આપણને સૌનેય સાંકળી લઈને હવે એક બહુ મહત્ત્વની, અગત્યની વાત કરે છે. જનરલ સમાજથી લાગુ થઈને સંન્યાસ લઈને પરમહંસની જાયગામાં જેઓ રહે છે એ બધાને સાંકળી લેવાય એવી રીતે વાત કરે છે કે, **પરમેશ્વરને ભજવાની તો સર્વને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે...**

આપણે બધા પરમેશ્વરને ભજવાની ઇચ્છાવાળા ભેગા થયા છીએ. પરમેશ્વરને ભજવાની ઇચ્છા તો સર્વને છે પણ સમજણમાં ફેર રહે છે. સૌ પોતપોતાની બુદ્ધિનાં મૂલ્યાંકનો પ્રમાણે સત્સંગ કરે છે. કરે છે એટલું જ નહીં, મંડળવાળા પાસે એ પ્રમાણે કરાવડાવે પણ છે. અહીંયાં

સ્વામિનારાયણ ભગવાન આપણા સૌનાય રોગની દવા બહુ મીઠી ભાષામાં રજૂ કરે છે.

ભગવાન તો બધાય ભજે છે. રોજ મંદિરે મુઠ્ઠી ભરીને ચોખા લઈ આવીને ભગવાન આગળ ભાવથી અર્પણ કરીને, દંડવત્ પ્રણામ કરીને અને જેટલી ચિત્ર પ્રતિમાઓ છે તે બધીને સ્પર્શ કરીને, ઊંચા થઈ થઈને માથે ચઢાવે છે. મૂર્તિને વિષે, ચિત્ર પ્રતિમાને વિષે ભગવાનનો ભાવ રાખીને પ્રણામ પણ કરે છે. પોતાની યથાશક્તિ જે કંઈ પણ હોય એ પ્રેમથી ભગવાનના શ્રી ચરણોમાં દાન, પુણ્ય અર્પણ પણ કરે છે. પણ તોય કશોક મુદ્દો ચૂકી જવાય છે. એટલે બહુ ગંભીર રીતે કહીએ તો રોજ દેવદર્શને જવું, ટીલાં-ટપકાં કરવાં, વ્રત-ઉપવાસ કરવાં-એને આપણે સત્સંગ માની લીધો છે, એને આપણે ભક્તિ માની લીધી છે અને એનું પણ પાછું આપણે પ્રદર્શન કરીએ છીએ. એના બદલે જીવન આચરણમાં લાવવાની વાત એ મુદ્દાની વાત છે. એકે એક વચનામૃતમાં ભગવાન મુદ્દાની જ વાત કરે છે, પણ મૂરખની સમજમાં આવે તો ને ? વર્તવું હોય તો ને ? જીવવું હોય તો ને ? બાકી તો વૃથા જાય છે. વૃથા જાય છે એટલે વહી જાય છે. શબ્દ પણ આકાશનો ભાગ છે, માથેથી હાલ્યા જાય છે - વહી જાય છે.

આ ભગવાન અને સંતના માહાત્મ્યને સમજવાની જે વાત છે તે આપણે એમ ને એમ આપણા ગુરુહરિ સાહેબદાદાને ગુણાતીત અવસ્થાના સાધુ તરીકે ઠોકી બેસાડી દેવા નથી. પણ શાસ્ત્રના વચનના આધારે તેઓ ભગવાનને અખંડ ધારીને જીવી રહ્યા છે, અને મનુષ્ય શરીરની મર્યાદામાં રહીને તેઓ મનુષ્યના જેવી ક્રિયાઓ કરે છે. એટલે જે પહેલાં થઈ ગયા એ ભગવાનો, પહેલાં જે થઈ ગયા એ ભગવાનના અવતારો, પહેલાં થઈ ગયા એ ભગવાનના સંતો; એમનું શાસ્ત્રવાંચન અને વાર્તા દ્વારા શ્રવણ કરીને જેવો મહિમા સમજીએ છીએ તેવો અત્યારે હાજર વર્તમાનકાળમાં આપણી વચ્ચે રહ્યા છે એમનો મહિમા સમજી શકાતો નથી. અને આ જ તો આપણો મુખ્ય મુદ્દો છે.

ગુણાતીતાનંદ સ્વામીની વાતોની સ્મૃતિ કરીએ તો, ગુણાતીતાનંદ સ્વામીએ જે વાત કરી છે એ હંમેશાં હાજર વર્તમાનકાળમાં રહીને વાત કરી છે. 'આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ પ્રાપ્ત થયો છે.' દોઢસો-બસો વર્ષ પહેલાં પણ 'આજ' હતી અને આજે પણ 'આજ' જ છે. એ વાત જો સમજાય તો આજે પણ શેરડીના સાંઠાનો વચલો ભાગ છે - જેમાં રસ પણ બહુ છે, જેમાં કસ પણ બહુ છે અને મીઠો ને મધુર છે; ભગવાન કહેવા એ માગે છે.

'મુદ્દા'ના વચનામૃતમાં મુદ્દો એમણે એમ સમજાવ્યો કે, પૂર્વે થઈ ગયા એવા જે ભગવાન અને ભગવાનના સંતો એમનો જેવો આપણને મહિમા સમજાય છે, તેવો અત્યારે જે ભગવાનનું સ્વરૂપ પ્રગટ છે અને એમના જે સંતો છે એમનો મહિમા સમજવો. પણ એમણે કહ્યું એટલે આપણે સમજી જઈએ એમ ? અને એટલું સહેલું છે એમ ? ના. એટલે આ શાસ્ત્રવચનનો આધાર લીધો કે, ભગવદ્ ભાવથી કઈ રીતે એમનાં દર્શન કરવાં. ભગવાને અહીંયાં જુદાં જુદાં દૃષ્ટાંત, સાધન, ઉલ્લેખ દ્વારા ભગવાનના સંતનું માહાત્મ્ય સમજાવ્યું છે. હવે આપણને શીખવાડે છે :

**માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે.**

'આવી', એટલે હવે પછી જે કહે છે તેવી. 'આવી' શબ્દ પણ હાજર વર્તમાનકાળ છે. આજે આપણે કેવી રીતે જીવીશું ? આજે આપણે ભગવાનના સ્વરૂપને અને ભગવાનના સંતને કેવી રીતે જોઈશું, જાણીશું અને માણીશું; એ મુદ્દો સમજાશે. ભગવાને કહ્યું, 'સર્વ પ્રકારે.' એટલે તમારે જે પ્રકાર લગાડવો હોય એ બધા પ્રકારે રહે. જેની જેવી વ્યાખ્યા હોય, જેની જેવી સમજણ હોય, જેની જેવી માન્યતા હોય, અરે એમ કહીએ કે, જેવો જેનો પૂર્વગ્રહ હોય એ બધા પ્રકારે, તમામ પ્રકારે એનો જવાબ મળે એવી રીતે ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે. એટલે કાંઈ કહેવાનું જ રહ્યું નહીં-હૉલસેલ. એના માટે આપણે ગઈકાલે સાકરના નારિયેળનું દૃષ્ટાંત યાદ કર્યું હતું. એનાં છોતરાં પણ સાકરનાં, એની કાચલી પણ સાકરની, એનું કોપરું પણ સાકરનું અને અંદર જળ પણ સાકરનું. બીજે ત્યાગભાગ છે - કાઢી નાખીને જેટલું કામનું હોય, જેટલું ઉપયોગનું હોય એટલું જ લેવાનું. જ્યારે સાકરના નારિયેળમાં કોઈ ત્યાગભાગ છે જ નહીં.

મનુષ્ય સ્વભાવ એવો છે કે, પોતાની રીતે, પોતાને અનુકૂળ આવે એવું પોતાની આસપાસ એવું સુંદર રીતે ગોઠવી દે અને વળી પાછું એને લેબલ આપે ભગવાનની ભક્તિનું. પણ પ્રભુ એવા છે કે, તમે મારા થયા છો, મારા કહેવાવ છો તો તમારામાં હું તલમાત્ર પણ કસર રહેવા દઈશ નહીં. એટલે સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક અને નિયંતા પ્રભુ કોઈ ને કોઈ નિમિત્ત ઊભું કરીને કાચપ બતાડતા જાય છે અને નિષ્ઠામાં પાકા કરતા જાય છે. જેને આપણે સત્સંગની ભાષામાં 'પ્રસંગ' આવ્યો એમ કહીએ છીએ.

*(ક્રમશઃ)* ◆